ગુજરાતી ફિલ્મોના 'પ્રાણ' અરવિંદ રાઠોડની વસમી વિદાય

અમદાવાદમાં પાલડી ખાતે રહેતા ૮૦ વર્ષીય વરિષ્ઠ અભિનેતા અરવિંદ રાઠોડ લાંબા સમયથી બીમાર હતા : ગુજરાતી ફિલ્મોમાં ખલનાયક તરીકે પ્રભાવશાળી ભૂમિકાઓ માટે સદાય યાદ રહેશે

ગાંધીનગર તા. ૦૧

ગુજરાતી ફિલ્મોમાં સળંગ ૪૬ ફિલ્મો સુધી ખલનાયકની તરીકેની પ્રભાવશાળી ભૂમિકાઓ ભજવનાર અને ગુજરાતી ફિલ્મોના ×પ્રાણ× તરીકે ઓળખાતા ફિલ્મ, ટીવી અને રંગમંચના વરિષ્ઠ અભિનેતા અરવિંદ રાઠોડનું ૮૦ વર્ષની વયે આજે સવારે નિધન થયું હતું. તેઓ અમદાવાદમાં પાલડી ખાતે રહેતા હતા અને લાંબા સમયથી બીમાર હતા. તેમના નિધનથી સમગ્ર ગુજરાતી ફિલ્મ અને રંગભૂમિ જગત ઉપરાંત તેમના ચાહકોમાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરવા પામી છે.



સ્વ.અરવિંદ રાઠોડે ગુજરાતી તેમજ હિન્દી ફિલ્મોમાં પણ તેમના અભિનયનો ઉજાસ પાથર્યો હતો. ગુજરાતી ફિલ્મો ભાદર તારા વહેતા પાણી, સોન કંસારી, ગંગા સતી, મા ખોડલ તારો ખમકારો, મણિયારો, જાગ્યા ત્યારથી સવાર જેવી ફિલ્મોમાં તેમનો અભિનય ખૂબ વખણાયો હતો. તેમણે જ્હોની ઉસકા નામ, બદનામ ફરિશ્તે, કોરા કાગઝ, સલામ મેમસાબ, અગ્નિપથ, ખુદા ગવાહ, અબ તો આજા સાજન મેરે વગેરે જેવી હિન્દી ફિલ્મોમાં પણ નોંધપાત્ર કામ કર્યું હતું. શાળા-કૉલેજમાં અભિનય અને અન્ય પ્રવૃત્તિ કરી અનેક ઇનામો મેળવી ચૂકેલા અરવિંદ રાઠોડે પોતાના પિતાના દરજીકામના વ્યવસાયને સ્વિકારવાના બદલે નાટકોમાં કામ કરવું શરૂ કરી દીધું હતું. અરુણા ઈરાનીના પિતા એફ. આર. ઈરાનીના નાટક મોટા ઘરની વહુ માં ભૂમિકા કર્યા બાદ અમદાવાદમાં કેટલાંક નાટકોમાં અભિનય કર્યો હતો. ૧૯૬૭-૬૮માં વિનોદ જાનીના નાટક પ્રીત પિયુ ને પાનેતર ના કારણે તેઓને મુંબઈ આવવાનું થયું હતું.

તેઓ ફોટો જર્નાલિસ્ટ તરીકે મુંબઈમાં કામ કરતાં હતા ત્યારે રાજકપૂરે તેઓને જોયા અને મેરા નામ જોકરમાં એક નાનકડી ભૂમિકા આપી અને ત્યારથી ફિલ્મના પડદા સાથે તેઓ જોડાઈ ગયાં હતા. તેમને ૧૯૬૭થી જ ગુજરાતી ફિલ્મો મળવા લાગી હતી અને પ્રથમ વર્ષે જ ગુજરાતણ, ત્યાર બાદ ૧૯૬૯માં કંકુ, સંસારલીલા અને જનનીની જોડ, ૧૯૭૩માં જન્મટીપ પછી ૧૯૭૬માં તેમની ૬ ફિલ્મો આવી હતી એ પૈકીની ભાદર તારાં વહેતાં પાણીમાં ભજવેલી જેઠાની ભૂમિકાએ તો તેઓને ખલનાયક તરીકે એવાં ઉપસાવી દીધાં કે ત્યાર પછી સતત ૪૬ ફિલ્મો સુધી તેઓને ખલનાયકની જ ભૂમિકા મળતી રહી હતી. પ્રસિધ્ધ નાટક 'બા રીટાયર થાય છે'માં પદમારાણી સાથે યાદગાર ભુમિકા ભજવી હતી જેને કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરમાં પ્રસ્તુત કરાયું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમ ઉપરાંત શહેરના ફિલ્મ નાટ્ય અને રંગભૂમિ ક્ષેત્રે સંકળાયેલા અગ્રણીઓ દ્વારા સ્વ.અરવિંદ રાઠોડને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કેનેડાની મેકમાસ્ટર યૂનિવર્સિટીએ માસ્ટર ડિગ્રી માટે ભારતભરમાંથી એકમાત્ર ગાંધીનગરના વિદ્યાર્થીને પસંદ કર્યો

સે.૨૮ની સરકારી ઇજનેરી કોલેજના દેવમ ત્રિવેદીની સ્નાતકનું પરિણામ આવ્યા પહેલા જ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત યુનિવર્સિટી દ્વારા પસંદગી : ફ્રેશર હોવા છતાં છઠ્ઠા સેમેસ્ટરના પર્ફોર્મન્સના આધારે પસંદગી કરાઈ

ગાંધીનગર તા. ૦૧

ગાંધીનગર છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્યમાં એક શિક્ષણનગરી તરીકે ઉભરી આવી છે અને પાટનગરની માત્ર ખાનગી જ નહીં પરંતુ સરકારી કોલેજોના વિદ્યાર્થીઓ પણ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી રહ્યાં છે. તાજેતરમાં કેનેડાની ટોપ-પમાં આવતી પ્રતિષ્ઠિત મેકમાસ્ટર યૂનિવર્સિટી દ્વારા ઈલેક્ટ્રિકલ એન્ડ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ શાખામાં માસ્ટર ડિગ્રી માટે ભારતભરમાંથી એકમાત્ર ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજના કુડાસણ ખાતે રહેતા વિદ્યાર્થી દેવમ ત્રિવેદીને એડમિશન આપવા માટે પસંદ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુનિવર્સિટી વિશ્વભરની ટોચની યુનિવર્સિટીઓ પૈકીની એક છે જેનું આંતરરાષ્ટ્રીય સ્તરે રેકિંગ ભારતની તમામ આઈઆઈટી કરતાં પણ ઊંચું છે.

દેવલ ત્રિવેદીએ હાલમાં જ સરકારી ઈજનેરી કોલેજ ખાતે પોતાનો ઈન્સ્ટ્રૂમેન્ટેશન એન્ડ કંટ્રોલિંગ શાખામાં ઈજનેરી સ્નાતક તરીકેનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે જેનું પરિણામ પણ હજુ આવવાનું બાકી છે, પરંતુ મેકમાસ્ટર યુનિવર્સિટી ધારા તેના છઠ્ઠા સેમેસ્ટરના પર્ફોર્મન્સના આધારે જ માસ્ટર ડિગ્રી માટે પ્રવેશ આપી દેવામાં આવ્યો છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે મેકમાસ્ટર યુનિવર્સિટી દ્વારા એકેડેમિક પર્ફોમન્સ સાથે પ્રોફેશનલ કામનો અનુભવ ધરાવતા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો આગ્રહ રાખવામાં આવે છે પરંતુ દેવમ એવો વિદ્યાર્થી છે જે ફ્રેશર હોવા છતાં પ્રવેશ આપવામાં આવ્યો છે. દેવમ ત્રિવેદીએ આ યુનિવર્સિટીમાં એક વર્ષથી પ્રવેશ માટે એપ્લાય કર્યું હતું અને તેનું આઈઈએલટીએસ સ્કોર પણ ૭.૫ પોઈન્ટ જેટલો ઉચ્ચકક્ષાનો રહ્યો છે. પોતાના સ્નાતકનો અભ્યાસક્રમ દરમ્યાન તે હંમેશા ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓના ક્લાસમાં પણ ટોપ ફાઈવમાં રહ્યો છે. દેવમ ત્રિવેદીને મળેલી આ સિદ્ધિથી ગવર્મેન્ટ સાયન્સ કોલેજ સહિત સમગ્ર ગાંધીનગરનું નામ રોશન થવા પામ્યું છે.

પ્રતિભાશાળી દેવમ અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે

દેવમના પિતા હિમાંશુ ત્રિવેદી અને માતા અસ્મીતાબેન ત્રિવેદી

બદલે સરકારના ખાણ ખનીજ વિભાગની જીએમડીસી કંપનીમાં કચ્છમાં લખપત નજીક ફરજ બજાવી રહ્યાં છે. દેવમ ત્રિવેદીએ કોલેજમાં અભ્યાસની સાથોસાથ અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યો છે જે અંતર્ગત તે અમેરિકાની ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ઓટોમેશન દ્વારા ચલાવાતા પોતાની કૉલેજના સ્ટુડન્ટ ચેપ્ટરનો પ્રેસિડેન્ટ હોવા સાથે ભારતીય ચૂંટણી પંચ તરફથી કોલેજનો કેમ્પસ એમ્બેસેડર છે અને પ્લેસમેન્ટ સેલના કો ઓર્ડિનેટર પણ છે. દેવમ વાંચનનો ખૂબ કેઝી હોવા સાથે બેડમિન્ટનના ખેલાડી છે તેમજ તેને બર્ડ વોચિંગનો શોખ છે અને તે એનએસએસ સાથે સંકળાઈને સમાજ સેવા કરવાનું પણ પસંદ કરે છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લાના નવનિયુક્ત અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રીતુ સિંઘે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે નિયુક્ત થયેલા સુશ્રી દેવાંગીની દેસાઈએ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- આજરોજ ભાજપના શહેર મહિલા મોરચા દ્વારા મુક્તિધામ ખાતે વૃક્ષારોપણ અને પાલજમાં બાળકોને મિલ્ક તેમજ ચણાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- આસ્થા સેવા યજ્ઞ સંસ્થા દ્વારા શહેરના સે. ૭ અને ૬ માં આજે ઘરે ઘરે તુલસી વંદના કાર્યક્રમ અંતર્ગત તુલસીના છોડનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- આગામી ૭મી જુલાઈથી કોંગ્રેસ દ્વારા જનચેતના આંદોલન શરૂ કરવામાં આવશે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રતિ નિયુક્તી પામેલા ૧૯ અધ્યાપકોને પુનઃ ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે મુકી દેવામાં આવ્યા છે.
- રાજયના શિક્ષણ વિભાગે અને નાણાં વિભાગે ગઈકાલે મોડી સાંજે તેના ઉચ્ચ અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- પાઠ્યપુસ્તક મંડળના નિયામક મંડળમાં ખાલી પડેલી જગ્યા પર સંયુક્ત શિક્ષણ નિયામક એચ.એન. ચાવડાની નિમણુંક સરકાર દ્વારા કરવામાં આવી છે.
- ત્રીજા વેવની સંભવિતતા સામે સુસજ્જ થવા આરોગ્ય વિભાગની તાલિમ બે દિવસ બાદ બંધ થઈ જતાં લોકજીભે ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવેલ છે.

પરિણિતાએ પતિ, સાસુ અને સસરા સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર,તા.૧

લગ્નજીવનના એક દાયકાનો સમયગાળો વીતી ગયા બાદ પરિણિતાએ સાસરીયાઓના ત્રાસથી મહિલા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. લગ્નજીવન દરમિયાન પરિણિતાને દિકરો થયા બાદ જીયાણામાં કશુ લાવી નથી, તુ રૂપીયા લઈને ઘરે આવજે કહીને સાસુ દ્વારા મ્હેણાટોણા મારવામાં આવતા હતા. ત્યારબાદ રીક્ષા ચાલક સસરા એ શરુ કરેલા સ્પામાં કામ કરતી યુવતિ સાથે પરિણિતાના પતિને મનમેળ આવી જતા તેણીને માર મારી ત્રાસ આપવામાં આવતો હતો. જેથી આખરે કંટાળીને પરિણિતાએ સાસરીયાઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં વસવાટ કરતા વિષ્ણુબા ના લગ્ન વર્ષ ૨૦૧૦ માં અમદાવાદ ઈસનપુર પ્રેરણા એપાર્ટમેન્ટ વિભાગ ૩ મકાન નં.૧૦-૨ ખાતે રહેતા ભરતસિંહ અજીતસિંહ ઝાલાના પુત્ર વિશાલસિંહ સાથે સમાજના રીતરીવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ વિષ્ણુબા કરીયાવર લઈને સાસરીમાં ગયા હતા.જયારે લગ્નજીવન દરમિયાન વિષ્ણુબા એ દિકરાને જન્મ આપ્યો હતો. લગ્નના પ્રારંભિક તબક્કામાં લગ્ન જીવન સારુ રહ્યું હતું. ત્યારબાદ પરિણિતાના સાસુ લીલાબા ઘરમાં કામ અંગે વાધા વચકા કાઢી પરિણિતાને હેરાન પરેશાન કરતા હતા. પરિણિતાને દિકરાના જન્મ સમયે સીજેરીયન કર્યું હોવાથી ડોકટર દ્વારા આરામ કરવાનું જણાવ્યું હતું. જેથી પરિણિતાએ પિયર જવાનું કહ્યું હતું. તે સમયે સાસરીયાઓએ જીયાણાના દાગીના તેમજ રોકડ લઈ આવવાની શરતે પિયર જવા દીધી હતી. તો બીજીતરફ વિષ્ણુબાના પતિએ ખાનગી નોકરી છોડીને ગેસ્ટ હાઉસનો ધંધો શરુ કર્યો હતો. જયારે રીક્ષા ચલાવતા સસરા ભરતસિંહે ઓઢવ ખાતે રોયલ સ્પા ખોલ્યું હતું. જેથી વિશાલસિંહ અવારનવાર સ્પામાં આવતા જતા રહેતા હતા. તે સમયે સ્પા માં કામ કરતી યુવતિ સાથે વિશાલ સિંહને મનમેળ થઈ ગયો હતો. તો બીજીબાજુ વિષ્ણુબાએ વિશાલસિંહને ગેસ્ટહાઉસનો વેપાર બંધ કરી અન્ય ધંધો કરવા માટે કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. પરિણિતાને મારમારી દહેજની માંગ કરી હતી. જયારે સસરાએ પણ વેપાર કરવા માટે પિયરમાંથી દહેજ લાવવા માટે ત્રાસ આપવાનું શરુ કર્યું હતું. તો બીજી બાજુ સ્પામાં કામ કરતી યુવતિને લઈ વિશાલસિંહ હરવા ફરવા લાગ્યા હતા. જયારે તા.૧૯ જુના રોજ વિશાલસિંહ પોતાનો સામાન લઈ ઘરેથી નીકળી ગયા અને જતા જતા છુટાછેડાના કાગળો સહી કરવાનું કહી ગયા હતા. આથી પરિણિતા ગભરાઈને પિયર ગાંધીનગર આવી ગયા હતા. ત્યારે બીજા દિવસે વિશાલસિંહ ગાંધીનગર આવીને છુટાછેડાના કાગળો પર સહી કરવાનું કહેતા પરણિતાએ ના પાડતા લાફા ઝીંકી દીધા હતા. અચાનક હોહા થતા સ્થાનિક નાગરીકો પણ દોડી આવ્યા હતા.

ગાંધીનગર હોસ્પિટલમાં ડોકટર્સ ડે ની ઉજવણી કરાઈ

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ડોકટર્સે એકઠા થઈ અનોખી રીતે ડોકટર્સ ડે ની ઉજવણી કરી હતી. જેમાં હોસ્પિટલના દર્દીઓ તેમજ સગા સહિત અન્ય કર્મચારીઓને ટ્રીપલ લેયર માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યનો હેતુ એ હતો કે તમામ નાગરીકોમાં કોરોના પ્રત્યે સજાગતા રહે.અત્યારના સમયમાં કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ કોરોના સંપૂર્ણ પણે નાબુદ થયો નથી. તજજ્ઞો દ્વારા કોરોના સંલગ્ન વર્તણુક માટે નાગરીકોએ માસ્ક કેવી રીતે પહેરવુ, જેમાં નાક થી લઈ મોં ઢંકાઈ જાય તે રીતે પહેરવા માટે પુરેપુરી સમજણ આપી હતી. આ ઉપરાંત વેકસીનેશનનું મહત્વ, સોશ્યલ ડિસ્ટન્સ, વારંવાર હાથ ધોવા, સહિતની સમજણ આપી હતી. ગુજરાત અને રાજયના પાટનગર સહિત સમગ્ર વિશ્વ કોવીડ મુકત ન થાય ત્યાં સુધી દરેક વ્યકિતએ શું-શું તકેદારી રાખવી તે જણાવાયું હતું. સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણી દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે વિવિધ વિભાગના ડોકટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

જુસીકા દ્વારા કોરોનામાં મૃત્યુ પામેલા ૩ કર્મચારીના પરિવારોને આર્થિક સહાય

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં વિવિધ સેવાકીય કાર્ય થકી સેવાની સુવાસ ફેલાવનાર

જુનિયર સિટીઝન કાઉન્સિલ સંસ્થાએ વધુ એક માનવતાલક્ષી કાર્ય કરવામાં આવ્યું છે. જેમાં જુસીકા સંસ્થાના બે સારથી અને ભૂતપૂર્વ સિક્યુરીટી ગાર્ડનું કોરોના મહામારીમાં અવસાન થતા તેમની સેવાની કદર રૂપે સંસ્થા દ્વારા ત્રણેય પરિવારોને ફુલ નહી ફુલની પાંખડી સ્વરુપે આર્થિક મદદ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલલાની એક માત્ર ૨૪ કલાક કાર્યરત સેવાકીય સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા કોરોના મહામારી દરમિયાન વિવિધ પ્રકારે સમાજને યોગદાન આપ્યું છે. ત્યારે જુસીકાના પ્રારંભિક તબક્કામાં સેકટર-૩૦ મુકિતધામ નું સંચાલન કરવામાં આવતુ હતું. તે સમયે સંસ્થામાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા છાલા ગામના વતની સ્વ.મંગાભાઈ ચૌધરીનું કોરોનામાં અવસાન થતા તેમના પરિવારને જુસીકા સંસ્થા દ્વારા રૂ.૧૧ હજારનો ચેક તેમની સેવાની કદરરૂપે અર્પણ કરાયો હતો.

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલમાં સારથી તરીકે ફરજ બજાવતા અને સેકટર-૧૭ ખાતે રહેતા સ્વ.રાજુભાઈ મકવાણાએ પણ કોરોનાની બિમારીને પગલે અંતિમ શ્વાલ લીધા હતા. ત્યારે સંસ્થા દ્વારા સ્વ.રાજુભાઈની કામગીરીની કદરરૂપે તેમના પિતાજીને જુસીકા દ્વારા રૂ.૨૫ હજારનો ચેક અર્પણ કરાયો હતો.

તો બીજીતરફ જુસીકામાં સારથી તરીકે ફરજ બજાવતા અને સેકટર-૫ ખાતે રહેતા સ્વ.ગણપતભાઈ મકવાણાના ધર્મપત્નિને સંસ્થા દ્વારા રૂ.૫૧ હજારનો ચેક અર્પણ કરાયો હતો. તમામ મૃતકોના પરિવારને સંસ્થાના આગેવાનો રૂબરૂ મળીને પરિવારજનોને શોક ઠરાવ આપી અને સાંત્વના પાઠવી હતી. આ કપરા સમયમાં સંસ્થાને આર્થિક તેમજ શ્રમ સેવાઓ પુરી પાડનાર તમામ દાતાઓ, સંસ્થાઓ અને સમાજના આગેવાન વડીલોનો આભાર વ્યકત કર્યો હતો.

ગાંધીનગર ભલે રાજયનું પાટનગર ગણાય પરંતુ ગંદકીની સમસ્યા હજુ ઉકેલાઈ નથી. ગંદકી દૂર કરવા અનેક યોજનાઓ અને પ્રોજેકટ અમલમાં મુકાયા છે પરંતુ તેનો ઉકેલ આવતો નથી. સેકટર-૫ જેવા વિકસીત વિસ્તારમાં પ્રવેશવાના માર્ગે જ કચરાપેટીમાંથી કચરો બહાર ઉભરાઈ રહ્યો છે. કચરાપેટીની આસપાસ ખૂબ કચરો વિખેરાયેલો જોવા મળે છે.

નાગરિક પુરવઠા નિગમના નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા આજે વય નિવૃત્ત થતા ચાર કર્મચારીઓનો વિદાય સમારંભ યોજી તેમને શાલ ઓઢાડી, શ્રીફળ-સાકર આપીને સન્માનિત કરીને ભાવભરી વિદાય આપી હતી તેમજ તેમના નિવૃત્તિ પછીના જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમની વડી કચેરી ખાતે લાંબો સમય ફરજ બજાવી આજે વય નિવૃત્તિને પામેલા ચાર કર્મચારીઓ જેમાં આસીસ્ટન્ટ આર.એન. ગોતીયા, આસીસ્ટન્ટ બાબર દેસાઈ, વાયરમેન ડી.આર. સોલંકી તેમજ આસીસ્ટન્ટ યુસુફ આર. ચૌહાણને કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. આ સમારંભમાં નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓની ફરજ નિષ્ઠા તેમજ કોરોના મહામારીના સમયમાં જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીમાં તેમણે આપેલી સેવાઓને બિરદાવામાં આવી હતી તેમજ તેમનું નિવૃત્તિમય જીવન સુખદાયી નિવડે તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

અડાલજ કસ્ટડીમાંથી ભાગી જનાર મોબાઈલ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧

અડાલજ મહારાજા હોટલ પાસે મહિલાના હાથમાંથી મોબાઈલ ઝુંટવી ભાગી જનાર મોબાઈલ ચોરને પોલીસે પકડી પાડ્યો હતો. ત્યારે ગતરાત્રીના સમયે પોલીસ મથકમાં પોલીસ કામગીરી કરી રહી હતી તે સમયે પોલીસની નજર ચુકવી કસ્ટડીમાંથી ભાગી જનાર આરોપીને વડસર ખાતે થી દબોચી લીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ બસ સ્ટેન્ડ પાસેથી મહિલાના હાથમાંથી બાઈક પર આવેલા બે શખ્સો મોબાઈલ ખેંચી લઈ ફરાર થઈ ગયા હતા.જે અંગે મહિલાએ અડાલજ ખાતે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. આ કેસની તપાસ કરતા પોલીસે ભરત જયંતિજી ઠાકોર(મુળ રહે. ખોડાસણ, તા.ભાભર, હાલ રહે.તેરવાડા તા.કાંકરેજ)ને પકડી પાડ્યો હતો. પોલીસે આ શખ્સ પાસેથી મોબાઈલ ફોન અને બાઈક કબ્જે કરી આરોપીની પુછતાછ ચાલી રહી હતી. તે સમયે પોલીસે ભરત ઠાકોર માટે જમવાનું મંગાવ્યું હતું. પીએસઆઈ એ.જે.સોલંકી તેમની કામગીરી કરી રહ્યા હતા. જયારે ધવલસિંહ પ્રિન્ટરમાંથી પ્રિન્ટ લેવા માટે નીચે વળ્યા હતા. બસ આ તકનો લાભ ઉઠાવી ભરત આંખના પલકારામાં ભાગી ગયો હતો. પોલીસ કસ્ટડીમાંથી આરોપી ભાગી જતા પોલીસ મથકમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે અડાલજ વિસ્તાર ખુંદી કાઢ્યો હતો તેમ છતા આરોપી મળ્યો ન હતો. આખરે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ત્યારે પોલીસની એક ટીમ તેના ગામ તરફ જવા રવાના થઈ હતી. ત્યારે જાણવા મળ્યું કે ભરત ઠાકોર તેના ભાઈ ના ઘરે વડસર પહોંચી ગયો છે. જેથી પોલીસ ટીમના જવાનો વડસર પહોંચીને ભરત ઠાકોરને પકડી પાડ્યો હતો અને અડાલજ પોલીસ મથકે લઈ આવી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, તમે કીધુ એમ કોરોનાથી ગરમ પાણીની વરાળ લઈને બચી તો ગયો... હવે આ મોં કાળુ થઈ ગયું છે તેનું કાંઇક કરો...!

ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ
બ્લોક નં. ૧૮/૪, ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર.
ફોન / ફેક્સ : ૦૭૯-૨૩૨૪૯૦૧૭-૧૮
website : www.guda.gujarat.gov.in

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં રહેણાંક તથા વાણિજ્ય એકમો માટે નર્મદાના પાણીના ઘટાડેલ દરની જાહેર વિજ્ઞપ્તિ

જળ એજ જીવન

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ટી.પી. સ્કીમ નં. ૪, ૫, ૬, ૮, ૯, ૧૩ અને ટી.પી. સ્કીમ નં. ૧૯ (કુડાસણ, રાંદેસણ, વાસણા-હડમતીયા, સરગાસણ, વાવોલ અને રાયસણ) વિસ્તારમાં નર્મદાનું પાણી પુરુ પાડવામાં આવે છે. આ વિસ્તારમાં પાણીના વપરાશના દરમાં ઘટાડો કરી નીચે મુજબના દર નક્કી કરેલ છે.

રહેણાંકના પ્રતિ એકમ દીઠ માસીક વપરાશના	બિન રહેણાંક / વાણિજ્યના પ્રતિ એકમ દીઠ વપરાશના	શૈક્ષણિક સંકુલો/સરકારી સંકુલો માટે પ્રતિ એકમ દીઠ માસીક વપરાશના
૦ થી ૨૦૦૦૦ લીટર સુધી રૂ. ૭/- પ્રતિ ૧૦૦૦ લીટર		
૨૦૦૦૦ થી ૩૦૦૦૦ લીટર સુધી રૂ. ૧૨/- પ્રતિ ૧૦૦૦ લીટર	રૂ. ૨૫/- પ્રતિ ૧૦૦૦ લીટર	રૂ. ૧૫/- પ્રતિ ૧૦૦૦ લીટર
૩૦૦૦૦ લીટરથી વધારેના રૂ. ૨૦/- પ્રતિ ૧૦૦૦ લીટર		

ઉપરોક્ત દરો તા. ૧/૭/૨૦૨૧થી અમલમાં આવશે.

નવા પાણીના કનેક્શન મેળવવાના ફોર્મ રૂ. ૨૦/-ની કિંમતે ગુડા કચેરી ખાતેથી કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) મળશે. પાણીનું કનેક્શન લેવા સોસાયટીઓએ નિયત નમુનામાં સાધનિક કાગશો સહ અરજી કરવા વિનંતી છે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧/૭/૨૦૨૧
માહિતી/૫૩૮/૨૧-૨૨

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ
ગાંધીનગર